# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના સાણંદમાં માઇક્રોન ટૅક્નોલૉજીના અદ્યતન ઍસેમ્બલિ , ટૅસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે**
2. **રાજયપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને આજે વિધાનસભા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાશે.**
3. **કચ્છના ભીમાસર (ભુટકિયા) ગામમાં અંદાજે બે એકર જમીનમાં પોલીસે અફીણનું વાવેતર ઝડપી 9.41 કરોડ રૂપિયાના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી.**
4. **રાજ્યમાં ગઇકાલથી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં આરંભ.**
5. **ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વકપની ગઈકાલે ચેન્નાઈમાં રમાયેલી સુપર 8 મેચમાં ભારતે ઝિમ્બાબ્વે સામે 72 રનથી જીત મેળવી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# SANAND SEMI CONDUCTOR PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના સાણંદમાં માઇક્રોન ટૅક્નોલૉજીના અદ્યતન ATMP એટલે કે , ઍસેમ્બલિ, ટૅસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. સાણંદમાં માઇક્રોન સેમિ-કન્ડક્ટર ટૅક્નોલૉજી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા 22 હજાર 516 કરોડ રૂપિયાનું રોકાણ કરાયું છે. રાજ્યમાં માઇક્રૉનની ATMP સુવિધા શરૂ થવાથી દેશમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવી ક્રાન્તિનો શુભારંભ થશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (VOICECAST: પ્રવેશ અડિએચા )

*(.... સાણંદમાં માઇક્રોનના પ્લાન્ટમાં ATMP સુવિધા છે, જેમાં SSD એટલે કે, સૉલિડ સ્ટેટ ડ્રાઇવ-હાર્ડ ડિસ્ક ડ્રાઇવ પ્રકારના સ્ટૉરેજ માટેનું આધુનિક ઉપકરણ અને રૅમ પ્રકારના DRAM અને NAND ઉત્પાદન તૈયાર કરાશે. આ માટે સાણંદ પ્લાન્ટમાં હાલ બે હજાર લોકો કામ કરી રહ્યા છે અને આગામી સમયમાં પાંચ હજાર લોકોને રોજગારીની તક ઉપલબ્ધ થશે. માઇક્રોનની ટીમના જણાવ્યા મુજબ , આ મેગા સેમિ-કન્ડક્ટર પ્લાન્ટ A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા ટૅક્નોલૉજીના ભવિષ્યને સશક્ત બનાવશે.*

*(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

---

# GOVERNOR – PRAKRUTIK KHETI PARISANVAD

રાજયપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને આજે વિધાનસભા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાશે. આ પરિસંવાદમાં રાજ્યપાલ 'પ્રાકૃતિક કૃષિ' અંગે સંબોધન કરશે અને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અંગે માર્ગદર્શન આપશે. આ

સાથે વિધાનસભાના મુખ્ય પ્રવેશ દ્વાર પર  પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શન પણ યોજાશે.

આ પરિસંવાદમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર   ચૌધરી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

---

## JUNAGADH – POLICE TRAINING CENTER

પોલીસ આવાસ અને જેલ વિભાગના રાજ્યમંત્રી કમલેશ પટેલે જૂનાગઢના ચોકી સોરઠ સ્થિત રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે 18 કરોડના ખર્ચે નવનિર્મિત અધ્યતન સુવિધા સાથેના કર્મવીર કેડેટ ભવનનું લોકાર્પણ કર્યું હતું.

આ કર્મવીર કેડેટ ભવનમાં સાડા ચાર સો જેટલા પોલીસ તાલીમાર્થીને રહેવા માટે  અદ્યતન વ્યવસ્થા ઉપલબ્ધ થઈ છે. મહત્વપૂર્ણ છે કે રાજ્યમાં પોલીસ તાલીમાર્થીઓ માટે નવી ડિઝાઇન સાથેનું પ્રથમ ભવન ચોકી સોરઠ ખાતે બન્યું છે.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું હતું કે   , રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલ હોવાથી સમૃદ્ધિ અને વિકાસના નવા આયામો સર થયા છે . રાજ્યમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિમાં ગુજરાત પોલીસનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

---

## DANG DARBAR

ડાંગના રાજવીઓની પરંપરાને ઉજાગર કરતા ઐતિહાસિક  “ડાંગ દરબાર”નો ગાઈકલથી પ્રારંભ થયો. જિલ્લાના પ્રભારી મંત્રી ડૉક્ટર જયરામ ગામિતે

રાજવીઓની શૌર્યગાથા સાથે તેમની રાષ્ટ્રભક્તિને બિરદાવી આ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો.

શ્રી ગામિતે 'ડાંગ દરબાર 'નો ઇતિહાસ વર્ણવી રાજવીશ્રીઓને અપાતા સાલિયાણાની ઐતિહાસિક પ્રણાલિની પણ વાત કરી હતી.

**(BYTE: DR. JAYRAM GAMIT, MINISTER OF STATE)**

---

## KUTCH OPIUM CULTIVATION

કચ્છના ભીમાસર (ભુટકિયા) ગામની સીમમાં પોલીસે અંદાજે બે એકર જમીનમાં ગેરકાયદેસર રીતે કરવામાં આવેલું અફીણ ડોડાનું વિશાળ વાવેતર પોલીસે ઝડપી પાડ્યું છે. આ મામલે પોલીસે **9.41** કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે.

રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયાએ આ કામગીરીની વિગતો આપતા જણાવ્યું હતું કે, સાયબર સેલના પી.આઈ. બોડાણાને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

---

## BOARD EXAM DISTRICT

રાજ્યમાં ગઇકાલથી શાંતિપૂર્ણ વાતાવરણમાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. રાજ્યભરમાં એક હજાર **701** કેન્દ્ર પર પરીક્ષા યોજાઇ રહી છે.

વાવ-થરાદ જિલ્લામાં **47** કેન્દ્રો પર બોર્ડ પરીક્ષાનું સુવ્યવસ્થિત આયોજન કરાયું હોવાનું કલેક્ટર જે.એસ. પ્રજાપતિએ જણાવ્યું હતું.

## બાઈટ - જે.એસ.પ્રજાપતિ (જિલ્લા કલેકટર)

બીજી તરફ બોટાદના જુદા જુદા પરીક્ષા કેન્દ્ર ખાતે જિલ્લા શિક્ષણ વિભાગ સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા પરીક્ષા કેન્દ્રો ખાતે વિદ્યાર્થીઓનું સ્વાગત કરી, તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજકોટમાં 322 પરીક્ષા કેન્દ્રો પર બોર્ડની પરીક્ષાનું આયોજન કરાયું છે. કલેકટર ડો. ઓમ પ્રકાશે શહેરના રૈયા રોડ ખાતેના પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

---

## GANDHINAGAR VYAJ MAFI

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતધારકોને વ્યાજ માફી આપવાનો નિર્ણય લેવાયો છે. બાકી રહેલો ટેક્સ એક સાથે ભરનારા મિલકત ધારકોને રહેણાંક મિલકત માટે **100** ટકા વ્યાજ માફીની જાહેરાત કરવામાં આવી છે.

આ અંગે શહેરના મેયરબેન મીરા પટેલે વધુ માહિતી આપી.

## બાઈટ - મીરાબેન પટેલ

---

# GANDHINAGAR VAIDIK HOLI

ગાંધીનગર મહાનગરપાલિકા ‘વૈદિક હોળી’ પહેલ હેઠળ 270થી વધુ વિશેષ કીટનું વિતરણ કરશે. મેયર મીરાબેન પટેલે જણાવ્યું કે, આ પહેલનો ઉદ્દેશ્ય પરંપરા અને પર્યાવરણ–બન્નેનું સંરક્ષણ કરવાનો છે.

## બાઈટ – મીરા પટેલ

---

# ICC T20 WORLD CUP

ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વકપની ગઈકાલે ચેન્નાઈમાં રમાયેલી સુપર 8 મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને 72 રનથી પરાજય આપ્યો પહેલા બેટિંગ કરતા ભારતે 4 વિકેટે 256 રન બનાવ્યા. 257 રનના લક્ષ્યાંકના જવાબમાં ઝિમ્બાબ્વે 6 વિકેટે 184 રન જ બનાવી શક્યું. ઝિમ્બાબ્વેના બ્રાયન બેનેટે સૌથી વધુ 97 રન બનાવ્યા. ભારતના અર્શદીપ સિંહે ત્રણ વિકેટ લીધી. હાર્દિક પંડ્યાએ અણનમ 50, તિલક વર્માએ અણનમ 44 અને અભિષેક શર્માએ 55 રન બનાવ્યા. હાર્દિક પંડ્યાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

અમદાવાદમાં રમાયેલી અન્ય એક મેચમાં દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝને નવ વિકેટથી હરાવ્યું. દક્ષિણ આફ્રિકાએ 23 બોલ બાકી રહેતા 177 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો.

દરમ્યાન ભારત રવિવારે સુપર 8 મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે. આ મેચ સાંજે સાત વાગ્યે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાશે.

---

# TRAIN UPDATE

સાબરમતી સ્ટેશન પર એન્જીનીયરીંગ કામને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે.જે અંતર્ગત સાબરમતી –પાટણ–સાબરમતી ડેમુ અને સાબરમતી –કાટોસણ રોડ–સાબરમતી મેમુ ટ્રેન આજે સંપૂર્ણ રદ્દ રહેશે. જ્યારે આજે જોધપુર–સાબરમતી એક્સપ્રેસ અને આવતીકાલે સાબરમતી–જોધપુર એક્સપ્રેસ સાબરમતી –આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે.

બીજી તરફ મોરબીમાં મચ્છુ નદી પર પાડાપુલના સમારકામ અને ઓવરબ્રિજની કામગીરીને કારણે વાંકાનેર-મોરબી સેક્શનની 6 ડેમુ ટ્રેનો આજથી 12 માર્ચ સુધી રદ રહેશે.

---

# JAMANAGAR – LAKHABAVAL – DOUBLING

જામનગર–લાખાબાવળ રેલ વિભાગના ડબલિંગ પ્રોજેકટનું સુરક્ષા કમિશનર દ્વારા નિરીક્ષણ કરાયું. **120** કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ પૂર્ણ થતાં ટૂંક સમયમાં ઝડપી અને સુગમ રેલ પરિવહન શરૂ થશે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પેસેન્જર અને માલગાડીઓના સંચાલનની લાઈન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે , જેનાથી સૌરાષ્ટ્રમાં ઔદ્યોગિક , વેપારી અને પ્રવાસન પ્રવૃત્તિઓને નવી ગતિ મળશે.

---

# SURENDRANAGAR – WOMEN'S AWARENESS

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ખાતે મહિલા કર્મચારીઓ અને અધિકારીઓ માટે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ અધિકારી વી.એસ. શાહે "કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાયત , પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013" અંગે મુખ્ય જોગવાઈઓ, જાતીય સતામણીના પ્રકારો, ફરિયાદ કરવાની પ્રક્રિયા તેમજ સંબંધિત સુરક્ષા અને નિવારણના પગલાં અંગે વિસ્તૃત માહિત આપી હતી.

નાયબ મ્યુનિસિપલ કમિશનર જી.કે. મકવાણાએ મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ અંગે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ મહિલાલક્ષી યોજનાઓ અને કાર્યક્રમો પર પ્રકાશ પાડ્યો હતો.

---